સંક્ષિપ્ત સમાચાર

વિદ્યાદીપ યુનિવર્સિટીને ISO 9001:2015 પ્રમાણપત્ર મળ્યું

કીમ: ઓલપાડના અણીતાની અગ્રણી શૈક્ષણિક સંસ્થા વિદ્યાદીપ યુનિવર્સિટીને ગુણવત્તા વ્યવસ્થાપન માટે આંતરરાષ્ટ્રીય સ્તરનું ISO 9001:2015 પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. વિદ્યાદીપ યુનિવર્સિટી દ્વારા ગુણવત્તા વ્યવસ્થાપન અને શૈક્ષણિક ધોરણોમાં સતત સુધારાના પ્રયત્નો હેઠળ આ પ્રમાણપત્ર માટે અરજી કરવામાં આવી હતી. તેના અનુસંધાને ISOQAR સંસ્થા દ્વારા નિષ્ણાતોની ટીમે યુનિવર્સિટીના વિવિધ વિભાગોનું વિસ્તૃત નિરીક્ષણ અને મૂલ્યાંકન કર્યું હતું. નિરીક્ષણ બાદ યુનિવર્સિટીને આગામી ત્રણ વર્ષ માટે આ માન્યતા અપાઈ છે. ISO પ્રમાણપત્રનું અનાવરણ વિદ્યાદીપ યુનિવર્સિટીના પ્રમુખ જયંતીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપપ્રમુખ ડો.હિરેન પટેલ, પ્રોવોસ્ટ ડો.વિપુલ શાસ્ત્રી, રજિસ્ટ્રાર ડો.વિલીન પારેખ તથા એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર મુકુંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રમુખ જયંતીભાઈ પટેલ સહિત તમામ અગ્રણીઓએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં અને આવનારા સમયમાં વધુ સફળતાઓ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

વરેલીમાં 13 વર્ષીય સગીરાએ ફાંસો ખાધો

પલસાણા: પલસાણાના વરેલી વ્રજધામ સોસાયટી-૨ વિસ્તારમાં ૧૩ વર્ષની સગીરાએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વરેલીની વ્રજ ધામ સોસાયટી-૨, મનોહર ભવન, રૂમ નં-૧૧૨માં રહેતી સગીરાનું નામ મુસ્કાન સંતોષ યોગેન્દર શાહ (ઉ.વ.૧૩, મૂળ રહે., સિતામઢી, બિહાર) પોતાના ઘરમાં પંખાના હુક સાથે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. સગીરાના આત્મહત્યા પાછળનું કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આ અંગે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દસ્તાન રેલવે બ્રિજ નીચે ખાડીમાંથી માનવ કંકાલ મળ્યું

પલસાણા: પલસાણાના દસ્તાન ગામની સીમમાં આવેલા રેલવેબ્રિજ નીચેની ખાડીના ઝાડી-ઝાંખડામાંથી એક માનવ કંકાલ મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કંકાલની ઓળખ અને મોતનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ પોલીસને જાણવા મળ્યું કે, દસ્તાન ગામની સીમમાં દસ્તાન રેલવે બ્રિજની નીચે આવેલી ખાડી પાસેના ઝાંડી-ઝાંખડામાંથી એક માનવ કંકાલ મળી આવ્યું છે. પોલીસે અંદાજ લગાવ્યો છે કે, આ કંકાલ એક માસ ઉપરથી ત્યાં પડ્યું હશે. ચોમાસામાં ઉપરવાસથી આવેલા વરસાદી પાણીના પ્રવાહમાં આ કંકાલ ઝાડી-ઝાંખડામાં તણાઈ આવ્યું હોવાનું પોલીસનું માનવું છે. કંકાલની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસ હાલમાં કંકાલને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપી મૃતકની ઓળખ સ્થાપિત કરવા અને તેના મોત પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સુરત ડિસ્ટ્રિક્ટ બેન્ક કીમ શાખાના મેનેજરને નિવૃત્તિ વિદાયમાન

કીમ: કીમની ધી કીમ વિભાગ નાગરિક સહકારી ધિરાણ મંડળી તરફથી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના બ્રાંચ મેનેજર અફઝલભાઈ શેખને નિવૃત્તિના અવસરે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કીમ નાગરિક સહકારી મંડળીના પ્રમુખ રિપલસિંહ ઠાકોર તેમજ મંડળીના ડિરેક્ટરો, કર્મચારીગણ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ અફઝલભાઈ શેખની વર્ષો સુધીની કાર્યનિષ્ઠા અને સેવાભાવની પ્રશંસા કરતાં તેમના નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

વાવ નજીક ભત્રીજાએ કાકાને લાકડાના સપાટા માર્યા

કામરેજ: વાવ કેનાલ રોડ નજીક રૂપિયાની લેવડદેવડની અદાવતમાં ભત્રીજાએ કાકાને માર માર્યો હોવાની વિગતો સાંપડી છે. પોલીસે ભત્રીજા અને હુમલામાં મદદગારી કરનારા તેના પિતા સામે ગુનો નોંધ્યો છે. મૂળ અમરેલી જિલ્લાના કરજાળા ગામના વતની પુરસોત્તમ રવજીભાઈ સેલડીયા હાલ મોટા વરાછા સાગર સોસાયટીમાં મકાન નંબર 10માં રહે છે. 2015માં મોટાભાઈના પુત્ર હસમુખ પાસેથી આઠ લાખ રૂપિયા લીધા હતા અને ટુકડે ટુકડે રૂપિયા પરત કરી દીધા હતા. બીજા બાકી નીકળતા રૂપિયા ન હોવાથી નાસિક ખાતે મશરૂલ એરીયામાં એક ફ્લેટ હતો, જેમાં 66 ટકા ભત્રીજા હસમુખના નામે અને 34 ટકા ભાગ હસમુખના સાળા રામજી હીરજી ઠુમ્મરના નામે કર્યો હતો. ત્યારથી કાકા ભત્રીજા વચ્ચે માથાકુટ થતી હતી. નાસિકનો ફ્લેટ વેચી સુરતમાં પ્રોપર્ટી આપવા માટે હસમુખ જણાવતો હતો. શુક્રવારે વાવ ગામે કેનાલ રોડ નજીક હરેકિષ્ના બંગ્લોઝની બાંધકામની સાઈટ પર બપોરે પુરસોત્તમભાઈ આરામ કરતાં હતા, ત્યારે ભત્રીજો હસમુખ દેવસી સેલડીયા અને તેમનો પુત્ર કલ્પેશ બંને એક્ટિવા મોપેડ પર આવી ગાળો બોલી સેન્ટિંગના ટેકાના લાકડાથી ડાબા હાથમાં સપાટો મારી દીધો હતો. નાસિકની પ્રોપર્ટી વેચી સુરતમાં પ્રોપર્ટી આપ, નહિ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી બંને મોપેડ પર નાસી છુટ્યા હતા. કામરેજ પોલીસે પિતા પુત્ર સામે ગુનો નોંધ્યો છે.

Milano MULTIPLEX
બારડોલી
Kantara: A Legend Chapter 1
11:30am, 02:00pm, 03:00pm, 06:15pm, 09:00pm, 09:30pm
Sunny Sanskari Ki Tulsi kumari 10:30am, 05:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

પનિયારીમાં મૂડીરોકાણના નામે ૩.28.70 લાખની છેતરપિંડી

સામાજિક કાર્યકરને 20 મહિનામાં ત્રણગણા રૂપિયાની લાલચ મોંઘી પડી, મહિલા પણ છેતરાઈ

વ્યારા: વ્યારામાં સામાજિક કાર્યકર પણ મૂડીરોકાણના નામે લોભામણી લાલચમાં ફસાયો હોવાનો અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ વ્યારાના પનિયારી ગામે રહેતા સુનીલભાઈ નાગજીભાઈ ગામીત સામાજિક કાર્યકર ઉપરાંત ખેતીનો વ્યવસાય કરે છે. જેણે વ્યારાના કાકરાપાર બાયપાસ હાઈવે પાસે સિટીલાઈટ ટાવર પર સ્થિત 2 વન ટેક્નોલોજીસ લિમિટેડ નામની કંપનીમાં તા.18-2-2023ના રોજ રૂ.3,15,000નું મૂડીરોકાણ કર્યું હતું અને ત્યારબાદ પુત્રના નામે પહેલાં 5000 અને પછી ફરી તા.14-02-2024ના રોજ પુત્રના નામે 5,35,000 રૂપિયાનું RTGS થકી કંપનીમાં મૂડીરોકાણ કર્યું હતું. બાદ કંપનીનાં ડિરેક્ટર અશોક ચૌધરી દ્વારા ફિશરિંગ પ્રોજેક્ટમાં રોકાણ કરશો તો 12 જ મહિનામાં બે ગણી રકમ મળવાની લાલચ આપતાં સામાજિક કાર્યકરે તા.20-02-2024ના રોજ વધુ 15 લાખનું 2 વન ટેક્નોલોજીસ લિમિટેડ કંપનીમાં રોકાણ કર્યું હતું.

કંપનીએ તા.2-12-2023થી તા.9-1-2024 સુધી મૂડીરોકાણનું દર મહિનાનું અમુક સમયાંતરે વળતર ચૂકવ્યા બાદ માસિક વળતર પણ કંપની દ્વારા આપવામાં ન આવતાં ફરિયાદીએ મૂડીરોકાણની બધી રકમ કંપની પાસે માંગણી કરતાં માત્ર એક વખત તા.28-5-2024ના રોજ સમખાવા પૂરતા 25 હજાર કંપનીના ડિરેક્ટર સમીર મલેક દ્વારા ફરિયાદીના ખાતામાં જમા કરાવ્યા બાદ આજદિન સુધી કંપનીના સંચાલકોએ ફરિયાદીને મૂડીરોકાણના લાખો રૂપિયા પરત ન આપતાં ફરિયાદીએ 2 વન ટેક્નોલોજીસ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર સમીર અનવર હુસેન મલેક (રહે., જૂની પોલીસ લાઈન, કેપિટલ સિનેમા નજીક, જેતપુર, જિ.રાજકોટ), મોહદ હારૂન (રહે., સિટીલાઈટ ટાવર, વ્યારા), કંપનીના ડિરેક્ટર કૌશલ અશોક ચૌધરી (રહે., શિવશક્તિ પાર્ક-2, મુસા, તા.વ્યારા, મૂળ રહે., કેળકુઈ, તા.વ્યારા), દિનેશ વસનજી ગામીત (રહે., આંબા ફળિયું, તા.વ્યારા) વિરુદ્ધ મૂડીરોકાણ કરાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ વ્યારા પોલીસમથકમાં કરવામાં આવી છે, જેમાં ફરિયાદીના પરિચિત રાજેન્દ્રભાઈની દીકરી રૈના ચૌધરીએ પણ કંપનીમાં 5 લાખનું મૂડીરોકાણ કર્યું હોવાનો ઉલ્લેખ કરાયો છે તેમજ આ ઉપરાંત અન્ય પણ ઘણા લોકો આ કંપનીમાં રોકાણ કર્યું હોવાનું જણાવ્યું છે. ત્યારે 2 વન ટેક્નોલોજીસ કંપનીએ જિલ્લામાં ઘણા લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની આશંકા વર્તાઈ રહી છે.

મુંજલાવ ગામે 4 વર્ષનો દીપડો પાંજરામાં પુરાયો

પશુનું મારણ કરતાં પાંજરું મુકાયું હતું

પશુપાલકોએ રાહતનો દમ લીધો

માંડવી: અરેઠના મુંજલાવ ગામે અવારનવાર પશુના શિકારના બનાવ બનતાં પશુપાલકોએ વન વિભાગને જાણ કરતાં પાંજરું ગોઠવતાં વહેલી સવારે ચાર વર્ષનો દીપડો પાંજરે પુરાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ અરેઠ તાલુકાના ઉશ્કેર નજીક મુંજલાવ ગામે એક અઠવાડિયા પહેલાં દીપડાએ પશુનો શિકાર કર્યો હતો. જે અંગે ગ્રામજનો ભયભીત થતાં વન વિભાગને જાણ કરતાં RFO એચ.જે. વાંદાએ તાત્કાલિક પાંજરું ગોઠવવા વન કર્મચારીઓને સૂચના આપી હતી. આજે તા.18 ઓક્ટોબર ને શનિવારે વહેલી સવારે શિકારની શોધમાં આવેલો દીપડો પાંજરા તરફ ઘસી મરઘાંનો શિકાર કરવા જતાં જ પાંજરામાં કેદ થયો હતો. જેને જોવા ગામનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. આ બાબતે વન વિભાગે પાંજરે પુરાયેલા દીપડાની જાણ કરી હતી અને દીપડાનો કબજો લઈ ગાઢ જંગલમાં છોડવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

ઈબ્રાહીમ કાનુ

માવઠાનો માર, ખેડૂતો લાચાર

કીમ ચાર રસ્તા, કઠવાડા પંથકમાં કમોસમી વરસાદ

ડાંગરનો પાક બચાવવા ખેડૂતોમાં દોડાદોડી

ખેડૂતોએ રડવાનો વારો આવે તેવા સંકેત

હથોડા: છેલ્લા બે દિવસથી આકરી ગરમી અને તાપમાનનો પારો ઘણો ઊંચે ગયા બાદ શનિવારે સાંજે કીમ ચાર રસ્તા, કઠવાડા પંથક તેમજ કોસંબા ફાટક વિસ્તારમાં કમોસમી વરસાદ પડતાં ડાંગરના મહામૂલા પાકને બચાવવા ખેડૂતોએ દોડાદોડી કરવી પડી હતી.

એક તરફ દિવાળીનો તહેવાર, બીજી તરફ ખેડૂતોના ખેતરમાં ડાંગરનો પાક તૈયાર અને કેટલાક ખેડૂતોએ ડાંગરનો પાક કાઢી લઈ સૂકવવા મૂકતાં વાદળછાયા વાતાવરણ બાદ અચાનક વરસાદ પડતાં પાક બચાવવા માટે દોડાદોડી કરવી પડી હતી. જો કે, હજી સામાન્ય વરસાદ પડતાં કંઈક અંશે ખેડૂતોનો બચાવ થયો છે. પરંતુ ગયા વર્ષની સરખામણીએ જો વધારે વરસાદ પડે તો ફરી એકવાર ખેડૂતોને રડવાનો વારો આવે તેવા પણ સંકેત જણાય છે.

વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર મામલે

અંધાત્રી ગામના સરપંચને હોદ્દા ઉપરથી દૂર કરાયાં

15મા નાણાપંચ અંતર્ગત કરોડો રૂપિયાનાં કામોમાં મોટાપાયે ડુપ્લિકેશન

વ્યારા: વાલોડ તાલુકાના અંધાત્રી ગામે 15મા નાણાપંચ અંતર્ગત 2021-22, 2022-23, 2023-24 અને 2024-25 દરમિયાન થયેલાં વિકાસ કામોમાં એજન્સી દ્વારા ગેરરીતિ આચરવામાં આવી હોવાની ફરિયાદ થતાં તપાસ દરમિયાન 15 નાણાપંચ અંતર્ગત કરોડો રૂપિયાનાં કામોમાં મોટાપાયે ડુપ્લિકેશન અને નાણાકીય ઉચાપત થઈ હોવાનું બહાર આવ્યું હતું. અને કોઈપણ જાતની વહીવટી મંજૂરી વિના વિકાસકામો કરાવી અને અધૂરાં કામોને પૂર્ણ કરી એજન્સીને નાણાંની ચૂકવણી કરી દેવામાં આવી હતી. જે-તે કામ કરનારી એજન્સીને બ્લેકલિસ્ટ કરી નાણાં રિકવર કરવાના પણ તંત્ર દ્વારા આદેશ અગાઉ કરાયા હતા. ત્યારે હવે અંધાત્રી ગામના સરપંચને પણ વિકાસકામોમાં ગેરરીતિ આચરવા બદલ પોતાનો હોદ્દો ગુમાવવાનો વારો આવ્યો છે. ગત તા.17-10-2025ના રોજ તાપી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અંધાત્રીનાં સરપંચ ભાવનાબેન મિનેશભાઈ ઢોડિયાને સરપંચના હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરવામાં આવતાં વાલોડ સહિત જિલ્લામાં ભ્રષ્ટાચારી સરપંચ આલમમાં ખળભળાટ મચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વાલોડમાં અંધાત્રી અને દાદરિયા ગામમાં વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર મુદ્દે તપાસ દરમિયાન લાખોની ગેરરીતિ સામે આવી હતી અને ગેરરીતિ આચરનાર એજન્સીને ચૂકવવામાં આવેલાં નાણાં રિકવરી માટે સંબંધિત ગ્રામ પંચાયતને વાલોડના ઈનચાર્જ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગત દિવસોમાં આદેશ અપાયો હતો અને બુહારીની રોયલ કોર્પોરેશન અને ગેલેક્સી કોર્પોરેશન બંને એજન્સીને બ્લેકલિસ્ટ કરાઈ હતી. ત્યારે હવે અંધાત્રીના સરપંચને વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર મામલે આપવામાં આવેલ કારણદર્શક નોટિસનો સરપંચ દ્વારા યોગ્ય ખુલાસો ન કરાતાં અને સુનાવણી દરમિયાન સતત ગેરહાજર રહેતાં ગુજરાત પંચાયત અધિનિયમ કલમ-57 (1) હેઠળ જિલ્લા વિકાસ અધિકારીએ અંધાત્રીના સરપંચ ભાવનાબેન મિનેશભાઈ ઢોડિયાને હોદ્દા પરથી દૂર કરાયાં છે.

પલસાણામાં અજાણ્યા વાહન અડફેટે રાહદારીનું મોત

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે નં.૪૮ પર અજાણ્યા વાહનની અડફેટે એક રાહદારીનું મોત નીપજ્યું હતું. પલસાણાના ભીંડી બજારમાં રહેતા અને મૂળ બિહારના ઔરંગાબાદના રહેવાસી રામપ્રવેશ રામકેશ્વર ભુઈયાએ પોલીસને જણાવ્યું હતું કે, એક અજાણ્યા વાહન ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરી રહેલા તેમના કાકાના દીકરા ઉદીત કઈલ ભુઈયા (ઉ.વ.૫૭)ને ટક્કર મારી હતી. ગમખ્વાર અકસ્માતમાં ઉદીત ભુઈયાનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પલસાણાના સામૂહિક આરોગ્ય કેન્દ્રના પી.એમ. રૂમમાં રાખવામાં આવ્યો હતો.

ઉવામાં દીપડો ઝાડ નીચે બાંધેલો બકરો ખાઈ ગયો

પહેલા બકરાને ખેંચી જવાનો પ્રયાસ કર્યો, બાદમાં ત્યાં જ બેસી જ્યાફત માણી

સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ

બારડોલી: બારડોલીના ઉવા ગામના કાપલિયા ફળિયામાં દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. મજૂરીકામ સાથે પશુપાલનનો વ્યવસાય કરતા પ્રકાશભાઈ ચૌધરીના એક બકરાનું દીપડાએ મારણ કર્યું હતું, જેના પગલે ગામમાં ભયનો માહોલ ફેલાયો છે.

પ્રકાશભાઈ ચૌધરી ઘરની સામે આમલીના ઝાડ પાસે બકરાઓને બાંધતા હતા. ગત રાત્રે એક દીપડો ત્યાં આવી ચડ્યો હતો અને એક બકરાને ગળાના ભાગેથી દબોચી ખેંચી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સફળ ન થતાં સ્થળ પર જ તેનું મારણ કર્યું હતું.

સવારે પ્રકાશભાઈ જ્યારે બકરાઓને છોડવા ગયા, ત્યારે એક બકરો મૃત હાલતમાં જોવા મળ્યો હતો અને આજુબાજુ દીપડાના પગના નિશાન પણ મળી આવ્યા હતા. પ્રકાશભાઈએ 'ફ્રેન્ડસ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ને માહિતી આપતા પ્રમુખ જતીન રાઠોડે તાત્કાલિક સામાજિક વનીકરણ રેન્જના કર્મચારી કૌશિકભાઈનો સંપર્ક કર્યો હતો.

કૌશિકભાઈએ તુરંત જ કાપલિયા ફળિયે પહોંચીને સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને સરકાર તરફથી મળવાપાત્ર સહાય માટેની જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજે મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવશે. દીપડાના હુમલાના પગલે ગ્રામજનોમાં દહેશત ફેલાઈ છે.

કીમમાં ટેમ્પોમાંથી ચોરી

કીમ: સુરતથી બિલેશ્વર એજન્સીનો નમકીન ભરેલો ટેમ્પો કીમની કનૈયા ડેરી ખાતે નમકીન ખાલી કરવા આવ્યો હતો. રાત્રે આશરે સાત વાગ્યાના આસપાસ, ટેમ્પોચાલક ગૌતમભાઈ ધીરુભાઈ મારુ ટેમ્પો રામેશ્વર જવેલર્સની સામે ઊભો રાખી, ડેરીમાં સામાન ખાલી કરવા ગયા હતા. તે દરમ્યાન અજાણ્યા ચોરોએ ટેમ્પોનો કાચ તોડી અંદર રાખેલી આશરે 70હજારથી વધુ રૂપિયાની રોકડ રકમ ચોરી લીધી હતી.

દિવાળી વેકેશન માટે રાજસ્થાન-બાલી પ્રવાસીઓમાં હોટ ફેવરિટ

ટ્રાવેલ્સ એજન્સીઓમાં બુકિંગનો ધમધમાટ શરૂ થઈ ગયો

બારડોલી: દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે લાંબા વેકેશનની મોજ માણવા માટે પ્રવાસીઓ દ્વારા ટ્રાવેલ્સ એજન્સીઓમાં બુકિંગનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. બારડોલીની ટ્રાવેલ્સ એજન્સીઓમાં થયેલા બુકિંગના આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે, આ વર્ષે પ્રવાસીઓના પસંદગીનાં સ્થળોમાં મોટો ફેરફાર આવ્યો છે.

આંતરિક પ્રવાસન સ્થળોની વાત કરીએ તો થોડા દિવસો પૂર્વે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી વિસ્તારોમાં થયેલા ભૂસ્ખલનને કારણે લોકો ત્યાં જતાં ડરી રહ્યા છે. પરિણામે, એડ્વેન્ચર પ્રેમીઓ પણ પહાડી વિસ્તારોનું બુકિંગ ટાળી રહ્યા છે. એટલું જ નહીં, જમ્મુ-કાશ્મીરમાં થયેલા પહેલગામ આતંકવાદી હુમલાને પણ પ્રવાસીઓ હજુ ભૂલ્યા નથી, જેના કારણે શાંતિ અને સુરક્ષાના કારણોસર ત્યાંનું પણ નોંધપાત્ર બુકિંગ થયું નથી.

ટ્રાવેલ એજન્ટોના જણાવ્યા મુજબ સુરક્ષા અને સ્થિરતાને ધ્યાનમાં રાખીને મોટા ભાગના પ્રવાસીઓએ આંતરિક પ્રવાસન સ્થળ તરીકે રાજસ્થાન પર પસંદગી ઉતારી છે. રાજસ્થાનના શાહી મહેલો, કિલ્લાઓ અને રંગીન સંસ્કૃતિ અને જેસલમેરનું રણ આ વેકેશનમાં પ્રવાસીઓ માટે હોટ ફેવરિટ બની છે. વિદેશ પ્રવાસની વાત કરીએ તો, ગુજરાતીઓ માટે વિદેશનો મોહ આ વર્ષે પણ જળવાઈ રહ્યો છે. વિદેશમાં પ્રવાસીઓ માટે ઈન્ડોનેશિયાનું સુંદર ટાપુ બાલી ખૂબ જ પસંદગીનું સ્થળ બન્યું છે.